# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

**Phone No: (0261) 2662902, Emailsuratdeo@gmail.com, Web – deosurat.org**

મા-૧/ ગ્લો.ગુ.મા./૨૦૨૬/૫૯૩૦ તા.૨૩/૦૪/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી/સંચાલકશ્રી,

પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ.સુરત.

**વિષય:** શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ(Bilingual Medium)(દ્વિભાષી માધ્યમ) શરૂ કરવા અંગે માહિતી તથા બેઠક બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે શાળાઓમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે માતૃભાષા માધ્યમમાં શિક્ષણને પ્રોત્સાહન આપવું જરૂરી છે. માતૃભાષામાં અભ્યાસથી સમજશક્તિ અને અભિવ્યક્તિ વધુ મજબૂત બને છે તેમજ રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ મુજબ પ્રાથમિક સ્તરે માતૃભાષા શિક્ષણને પ્રાથમિકતા આપવામાં આવી છે.

આ ઉપરાંત વૈશ્વિક યુગને ધ્યાનમાં રાખીને "ગ્લોબલ ગુજરાતી માધ્યમ" (Bilingual Medium)ની જરૂરિયાત પણ ઊભી થઈ છે, જેના દ્વારા વિદ્યાર્થીઓ સ્થાનિક ભાષામાં મજબૂત પાયા સાથે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક જગતમાં સ્થાન મેળવી શકે તેવા ઉમદા હેતુસર શાળાઓમાં આ પ્રકારના શિક્ષણના માધ્યમને પ્રોત્સાહન આપવા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને **"ગ્લોબલ ગુજરાતી માધ્યમ" ધરાવતી શાળાઓ** અને **"ગ્લોબલ ગુજરાતી માધ્યમ" શરૂ કરવા ઇચ્છુક શાળાઓ**ના આચાર્યશ્રીઓની બેઠકનું આયોજન કરવામાં આવેલ છે. બેઠકની વિગતો નીચે મુજબ છે.

| |
|---|
| તારીખ:૨૪/૦૪/૨૦૨૬ને શુક્રવારના રોજ<br>રજીસ્ટ્રેશન સમય: સવારે ૦૮:૩૦ કલાકે<br>સ્થળ:ધ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલ, CBSE કેમ્પસ ઓડીટોરીયમ, ઉગત કેનાલ રોડ, જહાંગીરપુરા, સુરત. |

આથી સંબંધિત તમામ આચાર્યશ્રીઓને સૂચિત કરવામાં આવે છે કે તેઓ નિર્ધારિત તારીખે અને સમયે બેઠકમાં અચૂક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ.સુરત